સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

થાળી ઠોકી પીટે ઢંઢેરા, ચોરોને વાલી કરે છે,
સાવધ કરે ચોરોને, ને એ ખાતાં ખાલી કરે છે,
કરે છે ખાલી તાયફા, એમનો છે ઇરાદો બદ -
કાળા નાણાં કઢાવવાનાં નાટક ખાલી કરે છે.

હાઈકુ

થૈ જશે સાફ!
વાઇબ્રંટ બહાને -
સેક્ટરો પણ..
(શેરડી સાથે એરંડાને પાણી)

ખાયકી પછી -
હવે ચિંતા કરે છે -
શૌચાલયની..
(કેગની ગોળીથી ઝાડા!)

ચિંતન

શુનઃ પુચ્છ મિવ વ્યર્થં જીવિતં વિદ્યયા વિના । ન ગુહ્ય ગોપને શક્તં ન ચ દંશ નિવારણે ॥

'વિદ્યા વિનાનું જીવન, જીવતર હોવા છતાં કૂતરાંની પુંછડી જેમ તદ્દન નકામું છે. કૂતરાની પુંછડીનો કોઇ જ ઉપયોગ નથી, નથી તો તે શરીરનો કોઇ ગુપ્ત ભાગ ઢાંકવામાં ઉપયોગી નથી કે નથી તેના દ્વારા મચ્છર-માખીને ઉડાડી દંશ નિવારણમાં પણ મદદરૂપ થતી નથી.'

જીવનમાં માત્ર 'ખાવું-પીવું સૂઇ જવું' એટલું જ મહત્ત્વનું નથી. આવું તો સામાન્ય વિચારશક્તિ વિનાનું પશુ પણ સરળતાથી કરે છે નિરક્ષર-અભણ માણસને તો એટલું કરવામાં પણ તકલીફ પડી શકે છે.

જીવનમાં વિદ્યા અભ્યાસ દ્વારા જ્ઞાનની ત્રીજી આંખની પ્રાપ્તિ થાય છે જેના દ્વારા જીવનના ધ્યેય, સમાજસેવા, સમાજનું ઋણ અને જીવનના આદર્શ સમા હેતુને જાણી તેની સિદ્ધિ માટે યથાયોગ્ય પ્રયત્ન કરી શકીએ છીએ અને એમાં જ જન્મ અને જીવનની સાર્થકતા છે.

બાકી તો કુતરાંની પુંછ હોય તો ય શું ન હોય તો પણ શું? એવો જન્મ-જીવન હોય તો પણ શું કામનું?

સુવિચાર

- મન ને સમજાવો નહીં, કે મન સઘળું સમજતું હોય છે,
  આ સમજ, આ અણસમજ, એ ખુદ સરજતું હોય છે - રાજેન્દ્ર શુક્લ
- કોઇ પણ માણસે પોતાના કાર્યનો આરંભ બીજાની શક્તિ પણ આધાર રાખીને કરવો જોઇએ નહીં, કારણ કે કાર્યના આરંભમાં બે જણાની મતિ કદી સરખી હોતી નથી - ડો. વિક્રમ સારાભાઇ
- ઘરનો સુખી એ સુખની પરાકાષ્ઠા છે - સ્વીડીશ કહેવત
- હું મારા પુત્રનો સમકાલીન નથી, તેથી મારી સલાહ મારા પુત્રને કંઇ ગળે ઉતરશે નહીં, હું મારા અનુભવોને કારણે તેના પ્રશ્નો બરાબર સમજું છું, પણ સાચી વાત એ છે કે પ્રશ્નો એકસરખા હોવા છતાં બેવ પેઢી જુદી હોય છે - વીલીયમ ફોકનર
- માણસ જ્યારે બીજાના વિચારો તથા શબ્દોની જાળમાં ફસાય છે ત્યારે સત્યના આકાશમાં પોતાની મેળે ઉડવાની તેની શક્તિનો નાશ થાય છે - એસ. ભટ્ટાચાર્ય
- જ્ઞાન વિનાની મહત્ત્વાકાંક્ષા સૂકા રણમાં ઊભેલા પાક સમાન છે - ફાધર વાલેસ
- આજના સમાજમાં લોકોમાં બળ નહીં, પણ સંકલ્પશક્તિ જ ખૂટે છે - અમૃતબિંદુ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આધ્યાત્મિકતા-સંતપણું-સજ્જતા બીજું કંઇ જ નથી માત્ર નિખાલસ-નિષ્પાપ-સરળ-કપટ રહિત-નિર્દોષ વ્યવહાર 'આચરણ' એ જ ધર્મ-સજ્જનતા-સંતપણું છે.

એક સંતને રસ્તામાંથી હીરો મળ્યો. ખૂબ જ કિંમતી હતો. એક વેપારીને ત્યાં 'ફળાહાર' લેવા બેઠા ત્યાં પોતાનો લોટો કાઢતાં - વેપારીએ હીરો જોઇ ગયો. સંત પાસે માગતાં કહ્યું આપ જે કિંમત કહો તે આપું. આ હીરો મને આપી દો...

સંત કહે લ્યો! એમ જ રાખો ને મારે એની કોઇ કિંમત નથી. તમે રાખો...

વેપારીએ બજારમાં તેની કિંમત કઢાવી. ખૂબ મોંઘો હતો. રાજા-ચોર-લૂટારા-લુચ્ચા બધાને કાને વાત પહોંચી ગઇ. વેપારી ખૂબ દુખી થઇ ગયો રોજ કોઇ ઘાત-ધમકી-મોતનો જાસ્સો-ચોરીનો ભય-થી હેરાન-પરેશાન થઇ ગયા. પોતે તો ઠીક ઘરનાં પણ કોઇ ચેનથી ઊંઘી શકતાં ન હતા.

વેપારી સંત પાસે ગયો. હીરો એમના ચરણ પાસે મૂકીને કહ્યું, મહારાજ! મને તમારા જેવી સાહજિકતા નિર્મોહીપણું આપો. આ હીરાએ તો મારું સુખ-ચેન છીનવી લીધું!

(સ્વભાવ સરળ-નિખાલસ-નિર્મોહી હોવો જોઇએ)

Email - sureshchandrabhatt18@gmail.com

આદિ શંકરાચાર્ય પછી પ્રમુખસ્વામી મહારાજે યુવાનોમાં આધ્યાત્મિક ક્રાન્તિ આણી છે એ બધું ઇતિહાસ કહેશે

માગસર સુદ અષ્ટમી પ્રમુખસ્વામી મહારાજનો પ્રાકટ્ય દિન. સંવત ૧૯૭૮ના માગસર સુદ આઠમ, સને ૧૯૨૧ના ડિસેમ્બરની ૭મી તારીખે વડોદરા જિલ્લાના ભાયલી નજીકના ચાણસદ ગામે એમનો જન્મ થયેલો.

ભક્તિસભર કુટુંબમાં ઉછેર, નાનપણથી જ સાધુ, સંતોનાં સેવા-સર્મપણની રુચિ જોઈ તે સમયના સૌ કોઈ કહેતા આ યુવાન કંઈક તેજસ્વી છે, અલગ છે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ૨૨-૧૧-૧૯૩૯માં અમદાવાદમાં પાર્ષદી દીક્ષા અને ૧૦-૦૧-૧૯૪૦ના રોજ ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ નામ ધારણ કર્યું.

તેઓની કાબેલિયત, સાધુતાપૂર્ણ વ્યવહાર, શાંત-નિર્મળ વાણીથી પ્રેરાઈ શાસ્ત્રીજી મહારાજે ૧૯૫૦માં માત્ર ૨૮ વર્ષની ઉંમરના નારાયણસ્વરૂપદાસજીને અક્ષર પુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકેની વરણી કરી, ત્યારથી જ તેઓ પ્રમુખસ્વામી મહારાજના હુલામણા નામે વિશ્વભરમાં ઓળખાય છે.

દેશ-વિદેશના અસંખ્ય લોકોએ જેમના દિવ્ય વ્યક્તિત્વને નાણી નાણીને જેમાં અનન્ય સર્વોચ્ચ સંતપ્રતિભા નિહાળી છે એવા પ્રમુખસ્વામી મહારાજ એ સંતોનાય સંત છે. સાધુસમાજના પ્રમુખશ્રી રામસ્વરૂપ શાસ્ત્રી કહેતા પ્રમુખસ્વામી સંતોના શિરમોર છે. સંતસમ્રાટ છે. સંતોનું મસ્તક આજે પ્રમુખસ્વામી જેવા સંતથી ઉન્નત બન્યું છે.

જ્યારે પ્રમુખસ્વામી મહારાજ સંતો-હરિભક્તો સાથે ભારતના આધ્યાત્મિક પ્રવાસ દરમિયાન હરદ્વાર-હૃષીકેશ પધાર્યા ત્યારે ત્યાંના સંત પૂ. ચિદાનંદ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના સ્વાગત કાર્યક્રમમાં કહ્યું કે 'આજે ગંગા, જમના અને બધી નદીઓનો અહીં પ્રમુખસ્વામીના પધારવાથી સંગમ થયો છે. અડસઠ તીરથ આજે અહીં પધાર્યાં છે.'



સહજ ધીરગંભીર પ્રકૃતિ ધરાવતા પ્રમુખસ્વામી મહારાજ માટે જૈનાચાર્ય સુશીલકુમારજી બોલી ઠેલા, 'રામ અને કૃષ્ણ, કબીર અને નાનક વગેરે સંતોએ અને અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. હવે કોઈ આવે એની રાહ જોઈએ છીએ કે જે ભારતીય સંસ્કૃતિને દોરે, કૌટુંબિક, આધ્યાત્મિક અને રાજકીય સ્તરે પુષ્ટિ આપે. ભગવાનની કૃપાથી, એવા પુરુષ મળ્યા છે, એમનું નામ છે પ્રમુખસ્વામી. ભારતને એક કરવું હોય તો તે પ્રમુખસ્વામીના નેતૃત્વ હેઠળ એક બની શકશે. પ્રમુખસ્વામી સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ નથી, હિન્દુ ધર્મના પ્રમુખ છે, હિન્દુ ધર્મના જ નહિ, ભારતીય સમાજના પ્રમુખ છે.'

પૂજ્ય સત્યામિત્રાનંદજી અને સારસા ગાદીના પૂજ્ય અવિચલદાસ મહારાજ કહે છે, 'આદિ શંકરાચાર્ય પછી પ્રમુખસ્વામી મહારાજે યુવાનોમાં આધ્યાત્મિક ક્રાન્તિ આણી છે એ બધું ઈતિહાસ કહેશે.'

હા, બીએપીએસ સંસ્થામાં સૌથી વધુ બાળકો, યુવાનો અને બાલિકાઓ અને યુવતીઓ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવે છે. તેમણે અનુભવ્યું છે કે અમારા પ્રેય અને શ્રેય બન્ને માટે પ્રમુખસ્વામી મહારાજ સૌ કોઈને જાગૃત કરે છે, દોરવણી આપે છે, મૂંઝવણનો ઉકેલ કરી આપે છે, અભ્યાસ અને કેરિયર વધુ સારી થાય તે માટેની વ્યવસ્થાઓ અમલમાં મૂકે છે અને સૌથી મોટી વાત કે પ્રમુખસ્વામી મહારાજ મારા જ છે.... મારા જ છે, મારું જીવન તેમના હાથોમાં સલામત છે.

રચનાત્મક યૌવન કોઈ પણ સમાજ કે રાષ્ટ્રને પ્રગતિશીલ બનાવે છે. પ્રમુખસ્વામી મહારાજે નિઃસ્વાર્થ સ્નેહ વરસાવીને લાખો યુવાનોને જીવનની સાચી કેડી ચીંધી છે, તેમને રચનાત્મક બનાવ્યા છે.

એટલે જ ગુણાતીતાનંદ શતાબ્દી મહોત્સવમાં પધારેલા ગૂજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર રામલાલ પરીખે ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે પૂ. પ્રમુખસ્વામી મહારાજ અને તેમના સંતોના પ્રેમાળ માર્ગદર્શન હેઠળ અહીં આ યુવાનો સેવા અને સમર્પણના પાઠ શીખે છે. સમાજઘડતરમાં પાયાનું કામ કરી રહ્યા છે. આજે યુવાનો અહીંથી બહાર કોલેજો અને યુનિવર્સિટીઓ પર પથ્થર ફેંકતા જોવા મળે છે. સંસ્થાની સેવા, સ્વચ્છતા, વ્યવસ્થિતપણું, મિતભાષી વ્યવહાર, સદાય મદદરૂપ થવાની તત્પરતા જેવા ગુણોથી ભરેલા આ યુવાનોને ક્યારેય થાક, કંટાળો લાગતો નથી. કારણ તેમની સમક્ષ આદર્શ ગુરુનું ઉદાહરણ છે.

પ્રમુખસ્વામી મહારાજે તેમનું સઘળું જીવન નિઃસ્વાર્થભાવે સ્વયંસેવક તરીકે જ વિતાવ્યું છે. બીએપીએસ સંસ્થાના પ્રમુખપદે નિયુક્ત થયા તે દિવસે જ તેઓએ હરિભક્તોનાં એંઠાં વાસણ ટકી નાખેલાં.

સ્વામી હંમેશાં દિલથી માને છે કે 'અમે સદાના સેવક છીએ.' એ સેવા હરિભક્તોને મળવું, તેમના પ્રશ્નો જાણી ઉકેલ આપવા, મંદિરોનો વહીવટ, હરિભક્તો-મુમુક્ષુના પત્રો વાંચવા અને ઉત્તરો આપવા, હરિભક્તો અને સંતોને તેમ જ મંદિરમાં આવનારા હર કોઈને નિઃશુલ્ક જમાડવા, જરૂરિયાત મુજબની ભલામણો કરવી વગેરે જેવાં વિવિધ સ્વરૂપોમાં અનુભવી શકાય છે. પ્રમુખસ્વામી મહારાજના બહુઆયામી વ્યક્તિત્વને મૂલવવું અશક્ય છે. જેમ ભગવાનના કાર્યને સમજવું મુશ્કેલ છે, તે રીતે બ્રાહ્મી સ્થિતિ પામેલા પરમ ભાગવત સંતની ક્રિયાને માપવા અને સમજવા એવાં દિવ્ય નયનની જરૂર છે. 'વચનામૃત' ગઢડા મધ્ય પ્રકરણ-૨૨માં જણાવ્યા પ્રમાણે 'જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું પણ રાજ કહેવાય.'

તો પ્રમુખસ્વામી મહારાજની કઈ વિશેષતા છે?

દિલ્હી, ગાંધીનગર અને હવે તો અમેરિકાના રોબિન્સવિલમાં તૈયાર થઈ રહેલા અક્ષરધામના સર્જક?

૧૨૦૦ જેટલાં મંદિરોના નિર્માતા?

૧૦૦૦ જેટલા સંતોના ગુરુવર્ય?

સમાજોપયોગી ૧૬૨ જેટલી પ્રવૃત્તિઓના પ્રણેતા?

ગિનિસ બુક ઓફ રેકૉર્ડ્ઝમાં સૌથી વિશેષ પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનારા મહાનુભાવોમાં પોતાનું સ્થાન?

બ્રિટિશ કે કેનેડાની પાર્લમેન્ટમાં સન્માન?

'યુનો' જેવી સંસ્થામાં એકમાત્ર હિન્દુ સંતના પ્રવચનનો લાભ?

કે પછી તેમનું સાદગીપૂર્ણ, ભેદભાવરહિતનું અહંશૂન્ય વ્યક્તિત્વ ?

કે પછી ૯૩ વર્ષોનું નિષ્કલંક જીવન?

આ સમગ્ર કાર્ય, પ્રવૃત્તિઓ અને સર્જક તરીકે માત્ર ને માત્ર પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા, માર્ગદર્શન, આશીર્વાદ, બળ અને હૂંફના બળે કાર્યન્વિત થયાં છે. તેઓ તો આ અંગે કોઈ યશ લેવા માગતા જ નથી. તેઓ હંમેશાં ભગવાનને જ કર્તાહર્તા માને છે અને એનો યશ ભગવાન અને તેમના ગુરુવર્યો બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને જ આપે છે.

તાજેતરમાં જ અમેરિકાના ન્યુ જર્સી નજીકના રોબિન્સવિલમાં નિર્માણાધીન અક્ષરધામ સાઈટ પર તૈયાર થયેલા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પધારેલા પ્રમુખસ્વામી આઠમી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સાંજે પોઢવા જતા હતા અને ત્યાં જ હરિપ્રકાશ સ્વામી રૂમમાં દાખલ થયા. પ્રમુખસ્વામીએ સહસા પૂછયું, 'કેમ ગોળ ગોળ આંટા મારે છે.' તરત જ હરિપ્રકાશ સ્વામી કહે, 'બાપા, તમારું કાર્ય જ એવું છે, જે જોઈને ચક્કર આવી જોય અને પડી જવાય.' એમ કહી તેઓ તો પડી જ ગયા. પછી બોલ્યા 'કેવું ભવ્ય મંદિર તૈયાર થઈ ગયું, બપોરે ૧૨,૦૦૦ હરિભક્તો બે કલાકથી આપનાં દર્શન માટે બેઠા હતા. યજ્ઞમાં આજે ૨૫૦૦ હરિભક્તો વિધિ માટે બેઠા હતા. અમેરિકામાં આપે કેવો સત્સંગ જમાવ્યો છે.' તરત જ પ્રમુખસ્વામી કહે, 'એ તો મહારાજ અને યોગી મહારાજનું કાર્ય છે.'

હરિપ્રકાશ સ્વામી કહે, 'અહીં યોગીજી મહારાજ તો આવ્યા જ નથી અને આ બધા હરિભક્તો તો નવા જ છે. એ તો તમે ૧૯૭૪માં પ્રથમ અહીં આવી સતત મોટરમાર્ગે સમગ્ર અમેરિકામાં વિચરણ કરેલું, તેના ફળરૂપે આ સત્સંગ થયેલો છે.

પ્રમુખસ્વામી કહે, યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજના સંકલ્પોથી આ બધું થાય છે. સંતો, યુવકો રાતદિવસ મહારાજના કાર્યમાં મંડ્યા રહ્યા છે.

હરિપ્રકાશ પ્રમુખસ્વામી કહે, 'અક્ષરધામની સાઈટથી માંડીને સઘળી બાબતોમાં આપની ઝીણવટભરી દૃષ્ટિ, માર્ગદર્શન, પ્રેરણા, સંતોને આશીર્વાદ અને કાર્યકરોના રાજીપાના વિચારનું જ આ પરિણામ છે.' પ્રમુખસ્વામીએ તેમને બોલતાં બંધ કરવા છેવટે આજ્ઞાસૂચક વાત કરી, 'હવે તું બેસ, છાનોમાનો.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

લોકસાહિત્યમાં ઉજાગર થયેલી આપણી માનસિકતા

નિબંધ સેતુ

લોકસાહિત્યમાં ઉજાગર થયેલી આપણી માનસિકતા

લોકગીતોમાં વ્યક્ત થયેલી વેદનાથી આપણે સૌ સુપેરે પરિચિત છીએ. ગુજરાતી લોકગીતોમાં ઘમ્મર વલોણાની માફક ઘૂમરાતી વેદનાઓ આપણી સમક્ષ આજે પણ તરવરી રહે છે. આપણાં લોકગીતોમાં વ્યક્ત થયેલી અને આપણે જાણ્યે-અજાણ્યે આ વેદનાઓ તરફ દુર્લક્ષ્ય સેવીને કે નજરઅંદાઝ કરીને, આ અસહ્ય વેદનાઓને મનોરંજન તરીકે માણીએ છે; તેવી વેદનાઓ તરફ દૃષ્ટિપાત કરતાં, આપણાં અધખૂલ્લાં ચક્ષુઓ તરફ નીચેનાં લોકગીતોનાં કરૂણાસભર સ્વરો ગૂંજી ઊઠે છે :

(૧) દાદા હો, દીકરી વાગડમાં ન દેજો રે સૈ...
(૨) મારી હું તો બાર બાર વરસે ઘેર આવીયો
માડી મેં ન દીઠી પાતળી પરમાર્ય... જાડેજી મા !...
(૩) ગામમાં સાસરિયું... ગામમાં પિયરિયું
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ...
(૪) કમખો ફાટ્યો માડી મારે...
જાય છે મૈયરિયા કેરી લાજ રે માડીના જાયા,
વીરને કેજો આણાં મારાં મોકલે રે...

આમ ઉપરનાં અને બીજાં અનેક લોકગીતોમાંથી વેદનાઓ ટપકતી આપણે જોઇ શકીએ છીએ, પરંતુ આ વેદનાઓ તરફ આપણા આ નઘરોળ સમાજે ક્યારેય ધ્યાન આપ્યું નથી કે તે તરફ વિચારવાની કે વ્યક્ત થયેલ વેદનાઓના ઉપાયની કે દૃષ્ટિપાત કરવા સુદ્ધાંની તસ્દી લીધી નથી, પરંતુ આ લોકગીતોમાંથી વલોવાણી - ઘૂમરાતી વેદનાઓમાંથી આપણે ફક્ત વિનોદ-આનંદ જ લીધો! આ વેદનાઓને કારણે આપણામાં ક્યારેય એક રતિભાર પણ સંવેદના ન જાગી અને પરિણામે આગળના લોકગીતોમાં જણાવેલ ઘટનાઓનું પૂનરાવર્તન થઇ રહ્યું છે અને તેમાં મીઠાં ફળ સમાજ ભોગવી રહ્યો છે.

લોકગીતોમાંથી કે લોકકથાઓમાં વ્યક્ત થતી ક્રૂરતામાંથી પણ આપણે કરૂણા ન જન્માવી શક્યા અને આ ઘાતક ક્રૂરતાને આપણે નિજાનંદ અને વિનોદ તરીકે લઇ, તેને માણતા રહ્યા! હા! ક્યાંક ઘડી બે ઘડીક કોઇકનું દિલ દ્રવી ઊઠે અને આંખમાંથી બેચાર આંસુ ટપકી પડે એટલું જ! બાકી તો સ્મશાન વૈરાગ્ય જેવું!

હા, વીરતાનાં ઓવારણાં લેવાય, પણ ક્રૂરતાને વધાવી ન શકાય, પરંતુ આપણે તો વીરતાનાં વારણાં ને બદલે ક્રૂરતાને સદૈવ વધાવી છે. મોટા ભાગની આપણી લોકકથાઓ રક્તરંજિત - શોણિત ભીની છે પછી ભલે તે :

રાણક દેવી - રા'ખેંગાર હોય,
ખીમરો - લોડણ હોય,
વીર માંગડાવાળો હોય,
કે હોથલ પદ્મણી - હોથીજામ હોય!

આ લોકકથાઓ બહુધા કુડ-કપટ, કાવા-દાવા, અને વિકૃત અને કાતિલ મનોવૃત્તિનું દર્શન કરાવનારી છે. આજે એકવીસમી સદીમાં પણ આપણે આ મનોદશામાંથી બહાર નીકળી શક્યાં નથી.

એક પરદેશી એવા કર્નલ વોકરના ચિત્તમાં, ભારતની ઘૂમરાતી આ વેદનાઓ જોતાં સંવેદના સળવળી અને દૂધપીતી કરાતી, માસૂમ દીકરીઓને ઉગારવાનું એક મહાઅભિયાન આરંભ્યુ અને તે લડાયક અંગ્રેજો તેમાં સફળતા પ્રાપ્ત કરી. શું ભારતીયો માટે આ લપડાક એક શરમજનક ઘટના ન કહેવાય?! શું વેદનાઓ અંગે વિચારવા આપણે શક્તિમાન નહોતા - આપણી બુદ્ધિ કુંઠિત થઇ ગઇ હતી?!

આજે આપણે ભ્રુણહત્યાના મહાકલંક સાથે જીવી રહ્યા છીએ. વેદના પ્રત્યેની સંવેદના આપણે નઠોર દિલમાં પ્રગટતી નથી. આપણી નજર સામે જન્મતી અને દિનપ્રતિદિન ઉછરતી જતી આ વેદના પ્રત્યે આપણને કરૂણા ઉપજતી નથી. એક લડાયક એવા પરદેશી અંગ્રેજમાં જન્મેલી કરૂણા ઉપર ધૂળ વાળીને આપણે તેને ધરતીમાં ઊંડે ધરબી દીધી છે - ઢબૂરી દીધી છે!

કન્યા વિક્રય અને વરવિક્રય પ્રત્યે પણ આપણી મનોવૃત્તિ વિલીન નથી થઇ અને તે હજુ પણ સરેઆમ ફૂલે છે - ફાલે છે અને આ બદી પાછળ હજારો હોમાય છે અને કોડભરી કન્યાઓ અકાળે ટૂંપાય છે ત્યારે, સવાલ થાય કે આપણે "માણસ" હોવાના ભ્રમમાં તો નથી ને?!

બહારવટિયાઓને આપણે બહાદુર ગણ્યા, નિઃશસ્ત્ર નાગરિકો પર શસ્ત્રો ચલાવી, વિના વાંકે રહેંસી નાખનારના આપણે રાસડા રચ્યા! એના ગુણગાન ગાયા... પરંતુ સમાજને માટે... પરોપકાર સારૂ.... દેશને આપણે આહુતિ આપનાર અને ખપી જનાર માટે આપણે શું કર્યું?

આમ આપણા લોકસાહિત્યમાં - લોકગીતો અને લોકકથાઓમાં ઉજાગર થયેલ વેદનાઓ પ્રત્યે જો સંવેદનાઓ નહીં દાખવીએ... તો સમાજને કાતીલ કીડાની જેમ કોરી ખાતી બદીએ એક દિવસ સમાજને નર્કની ગર્તતામાં ધકેલી દેશે, જેમાંથી બહાર કાઢવાનું મુશ્કેલ જ નહીં પરંતુ સ્વપ્નાતીત બની જશે! - 'દધિ'

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઈ પરમાર 'દધિ'

કાવ્ય સેતુ

અંતિમ ઇચ્છા બાળકીની... (અછાંદસ)

મા, મને કમોતે ન મારો!
મને ધરાપર પાવ ધરવા દો.
ઓળમાં વીંટળેલી, મને હણોમાં.
મને અવતરવા દો!
તારો ખોળો ખૂંદવાના! ભાઇનાં દુઃખણાં લેવાના!
મને જીવવા દો, અવતરીને.
શા માટે મારો છો ગવતરીને?
મેં પણ વેઠ્યો છે કાલાતીત કારાવાસ!
હું જન્મીને સુગંધ મહેકાવીશ આસપાસ!
મને અવતરવા દો!
મારાં હાડ-ચામ-માંસ તુજ જેવા;
નસોમાં પણ હવે રક્ત તુજસમ!
તો પછી મને શું નથી અવતરવાનો અધિકાર?
મને ભલે પછીથી હણજો,
પણ મને આપો "મારો અવતરવાનો અધિકાર?"
બસ, મારી ઇચ્છા છે અંતિમ એક,
મા તારા ને ધરાના ખોળે પોઢવાની!
મા ધરતીનું કફન ઓઢવાની!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આપણે પણ પ્રકૃતિદેવી, પર્યાવરણ દેવને નમન કરીએ અને એમના અસ્તિત્વમાં જ આપણા અસ્તિત્વની અનુભૂતિ કરીએ

આપણી ચારે બાજુ છે પર્યાવરણ - પરિઆવરણ. આપણને તે ચારે બાજુથી જ નહીં, દશે દિશાએથી અસર કરે છે. છે તો આપણી બહાર, પણ આપણને અંદર સુધી-અંતરથી પ્રભાવિત કરે છે. સતત આપણે એનાથી ઘેરાયેલા, એનાથી પ્રભાવિત અને એનાથી જ શોભિત હોવા છતાં એને ઓળખી શકતા નથી, એનો પાર પામી શકતા નથી... ને એની સાથે ખેલ ખેલવામાં બાકીયે રાખતા નથી.

એક ચિંતકે ઉચ્ચારેલા શબ્દો બરાબર બંધ બેસે છે -

'જેનું મૂલ્ય ન સમજાય ઉમ્ર ભર
એ જ હોય જીવનનો આધાર એમ પણ બને!'

આમ તો પર્યાવરણ જીવન છે, જીવંત છે... પણ એની જીવંતતાનો સ્પર્શ આપણે પામી શકતા નથી. પણ કેટલાક કવિઓ પ્રકૃતિને કેટલી જીવંતપણે માણી શકે છે તે વાત એક કવિની નીચેની પંક્તિઓ પરથી સમજાશે -

'કાળમીંઢ પથ્થર પર
માથું પછાડતાં,
કોઇએ ખમ્મા કહ્યું જ નહીં હોય
લાગે છે, દરિયાને મા નહીં હોય!'

પ્રકૃતિ આ સૃષ્ટિના કણેકણમાં, અણુએ અણુમાં વ્યાપ્ત છે - બ્રહ્મતત્ત્વની જેમ. માનવ અને પશુ-પંખીની સંવેદના અનુભવી શકાય છે, સમજી શકાય છે પણ પ્રકૃતિની સંવેદનાને સમજવી મુશ્કેલ છે.

પ્રકૃતિમાં રહસ્યો છે અને હાસ્ય પણ છે.
પ્રકૃતિમાં સૃજન છે અને સ્પંદન પણ છે.
પ્રકૃતિમાં સૂર છે અને સ્વર પણ છે.
પ્રકૃતિમાં પર્વ છે અને પ્રાણ પણ છે.
પ્રકૃતિને જાણી શકાય છે અને માણી પણ શકાય છે.
પ્રકૃતિની દરેક હિલચાલમાં ચૈતન્ય છે, એની અનુભૂતિ કરીએ.
પ્રકૃતિ ઈશ્વરનું સંગીત છે, એને સાંભળવા કાન સરવા કરીએ.
પ્રકૃતિ સુંદરતાનો ખજાનો છે, એને નીરખવા આંખો ખોલીએ.
પ્રકૃતિ પરમાત્માની પ્રાપ્તિ માટેની સીડી છે.

ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરતી પ્રકૃતિમાં ઈશ્વરત્ત્વ અવ્યક્તપણે વ્યાપ્ત છે જેના દૃશ્ય રૂપને, ભૌતિક રૂપને આપણે પર્યાવરણ કહીએ છીએ.

આ પર્યાવરણ આપણું જીવનસત્ત્વ છે, જીવનાધાર છે એવું આપણે અનુભવી જ નથી શકતા કારણ કે એની સાથે આપણું તાદાત્મય નથી સધાતું. પણ, પ્રકૃતિ-પર્યાવરણ બહુ સંવેદનશીલ છે, માટે સાવધાન! આપણી કોઇ પણ કૃતિ પ્રકૃતિને ઠેસ ન પહોંચાડે...

એક પ્રસંગ પથદર્શક બની રહેશે.

'મહર્ષિજી, હું ભારે મૂંઝવણમાં છું.'

દક્ષિણ ભારતના મહાન સંત રમણ મહર્ષિનાં ચરણોમાં નમતાં એક યુવાન સ્ત્રીએ કહ્યું.

'બાબા, મેં આપના પ્રત્યેની ભક્તિને કારણે આપની છબી પર એક લાખ બિલીપત્ર ચડાવવાની માનતા રાખી છે. હું આપને ભગવાનની જેમ પૂજું છું અને ત્રણ મહિનામાં એ માનતા પૂરી કરવાનો નિર્ણય કર્યો છે...' એ સ્ત્રીએ કહ્યું.

'ઓહ!' બાબા વ્યથાપૂર્વક બોલી ઊઠ્યા, 'પણ, મારી દીકરી, હું કાંઇ ભગવાન નથી!'

'બાબા! મારી શ્રદ્ધાનો સવાલ છે. મારો મૂળ પ્રશ્ન એ છે કે હું જયાં રહું છું ત્યાં બિલિપત્ર મળતાં નથી. મેં પચાસ હજાર બિલીપત્રો તો ચઢાવી જ દીધાં છે. પરંતુ ઉનાળાના દિવસો હોવાથી બિલીવૃક્ષનાં પર્ણો પણ ખરી પડ્યાં છે.' સ્ત્રીએ કહ્યું.

'આ બાબતે હું શું કરી શકું? હું કંઇ ચમત્કારથી ઝાડ પર પાંદડાં તો ઉગાડી શકું નહીં.' મહર્ષિએ જણાવ્યું.

'ના, બાબા, હું આપની પાસે કોઇ ચમત્કાર કરાવવા માગતી નથી. પણ, મારી માનતા પૂરી કરવાનો બીજો કોઇ માર્ગ બતાવો.'

'હા, એનો માર્ગ છે તો ખરો! બિલીપત્રને બદલે તું પચાસ હજાર વાર તારા શરીર પર ચીંટિયા ભર!'

'પરંતુ, એ તો ભારે પીડાકારક બનશે, બાબા!'

'બરાબર છે, વૃક્ષ પણ એવું જ અનુભવતું હશે ને? એના પ્રત્યે ક્રૂર ન બનો. ક્રૂરતા એ પાપ છે. કોઇ પણ બહાના હેઠળ એવું આચરણ ન કરવું જોઇએ.' મહર્ષિએ ઉપદેશ્યું.

આ છે પ્રકૃતિની સંવેદનાનો ટહુકો! મહાપુરૂષો પોતાની આત્મિક શક્તિ અને દૃષ્ટિથી પ્રકૃતિ સાથે વાતો કરી શકતા હોય છે.

આપણે ભારતીય સંસ્કૃતિની પરંપરાનાં સૂત્રો બાળકોને શીખવતાં હોઇએ છીએ - માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવ, અતિથિ દેવો ભવ, રાષ્ટ્ર દેવો ભવ... વગેરે. પણ હવે એમાં એક ઉમેરીએ -

પર્યાવરણ દેવો ભવ, પ્રકૃતિદેવીની જય હો!

પર્યાવરણ દેવો ભવ શિક્ષણનું મેઘધનુષ

- હર્ષદ પ્ર. શાહ

એક કવિએ બહુ સરસ વાત કરી છે -

'કોયલ છે ટહુકો મુબારક,
ઝાંઝરને ઝંકાર મુબારક,
પ્રદૂષણહીન આ સૃષ્ટિ બને
એ સૃષ્ટિને સ્વર્ગ મુબારક!'

કવિ સફર પાલનપુરીએ વૃક્ષની કેવી અદ્ભૂત વ્યાખ્યા આપી છે! જુઓ -

વૃક્ષ એટલે
વર્તમાનનો આરાધ્ય દેવ!
તે જયાં છે
ત્યાંથી એક ડગ પણ ખસ્યા વિના
વર્તમાનની ક્ષણેક્ષણને
ભરપૂરતાથી માણે છે
તેથી તેને હિમાલયની ગુફાઓમાં કે અરણ્યના એકાંતોમાં જઇને
મોક્ષ પામવા જેવી
ક્રિયાઓમાં સમયને
વેડફી નાખવાની
જરૂર રહેતી નથી,
એ જયાં છે ત્યાં જ
મુક્ત ને સ્વયંમાં
અનુભૂત કરી શકે છે.

તો, ચાલો આપણે પણ પ્રકૃતિદેવી, પર્યાવરણ દેવને નમન કરીએ અને એમના અસ્તિત્વમાં જ આપણા અસ્તિત્વની અનુભૂતિ કરીએ.